# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-05-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## શેરડીના ભાવનોને સત્તાવાર મંજુરી-કૃષિમંત્રી-જીતુ વાઘાણી:

રાજ્ય સરકારે વર્ષ 2007-08થી 2014-15 દરમિયાન ખાંડ મંડળીઓએ ખેડૂતોને ચૂકવેલા શેરડીના ભાવોને સત્તાવાર મંજૂરી આપી. ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, આ નિર્ણયથી ગુજરાતની ખાંડ સહકારી મંડળીઓને અંદાજે એક હજાર 500 રૂપિયાનો આર્થિક લાભ થશે.

------------------------------------------------------------------------------------------------

## પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી-વિકાસ કાર્યો:

રાજ્યભરમાં ખેડૂતોને પેટ્રોલપમ્પ પરથી કેરબા એટલે કે મોટા ડબ્બા-દીઠ 200 લિટર ડીઝલ અપાશે. ગાંધીનગરમાં પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ સરકાર દ્વારા આ અંગે અપાયેલી સત્તાવાર સૂચનાની માહિતી આપી. તેમણે લોકોને ડીઝલની સંગ્રહખોરી ન કરવા અને અફવાઓથી દૂર રહેવા પણ અપીલ કરી.

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, રાજ્યમાં ચાલી રહેલા વિકાસકાર્યોની ગુણવત્તામાં કોઈ બાંધછોડ નહીં ચાલે. તમામ કાર્યોનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.કોઈ પણ ગેરરીતિ થશે અને સામાન્ય લોકો તેનું ધ્યાન દોરશે તો સરકાર દ્વારા જવાબદારો સામે કાર્યવાહી કરાશે.

------------------------------------------------------------------------------------------------

## મગ ટેકાના ભાવ:

રાજ્યમાં ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આજથી ઑનલાઈન નોંધણી શરૂ કરાશે. રાજ્ય સરકારની આ જાહેરાત બાદ ખેડૂતો આગામી 10 જૂન સુધી ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી નોંધણી કરાવી શકશે.

સત્તાવાર યાદી મુજબ, તમામ જિલ્લાના ખેડૂતો ગ્રામ્યકક્ષાએ આવેલા ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ગામડાના કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક - VCE મારફતે વિનામૂલ્યે ઑનલાઇન નોંધણી કરાવી શકશે. આ માટે તેમના બાયોમેટ્રીક ઑથેન્ટિકેશન અથવા ફેસ ઑથેન્ટિકેશનનો ઉપયોગ કરાશે. ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા ખેડૂતો માટે 'ફાર્મર રજિસ્ટ્રેશન' કરાવવું પણ ફરજિયાત કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા વર્ષ 2025-26ના ઉનાળુ મગ પાક માટે પ્રતિ ક્વિન્ટલ આઠ હજાર 768 રૂપિયાનો ટેકાનો ભાવ જાહેર કરાયો હતો.

---

## મનસુખ માંડવીયા-યોગાસન સ્પર્ધા:

અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા ખાતે આગામી ચારથી આઠ જૂન સુધી વિશ્વ યોગાસન સ્પર્ધા યોજાશે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, અમદાવાદમાં પહેલી વિશ્વ યોગાસન સ્પર્ધાનું આયોજન થવું તે ભારતના પરંપરાગત યોગને વૈશ્વિક રમત તરીકે ઓળખ અપાવવાના પ્રયાસને દર્શાવે છે.

ભારતમાં પહેલી વાર યોજાનારી સ્પર્ધાનો હેતુ યોગ અને યોગાસનના જ્ઞાનને પ્રદર્શિત અને પ્રકાશિત કરવાનો હોવાનું પણ શ્રી માંડવિયાએ ઉમેર્યું.

---

## જવાહરલાલ નહેરૂ-પુણ્યતિથિ:

આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુની આજે 62 મી પુણ્યતિથી છે. દેશ સ્વતંત્ર થયા પછી 17 વર્ષ સુધી દેશનું સુકાન સંભાળ્યા પછી 1964માં આજના દિને 75 વર્ષની વયે તેમણે ચિર વિદાય લીધી હતી. આજે તેમની પુણ્યતિથી નિમિતે કચ્છમાં ભુજ સહિત વિવિધ સ્થળોએ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ આપવા ના કાર્યક્રમો યોજાશે.

---

## કમલા એકાદશી:

હાલે ચાલતા અધિક માસ એટલે કે પુરુષોતમ માસના શુક્લ પક્ષની પ્રથમ અગિયારસ પદ્મિની એકાદશી કહેવાય છે, એ કમલા એકાદશી તરીકે પણ જાણીતી છે. પુરુષોતમ માસ દર ત્રણ વર્ષે આવે છે તેથી આ માસમાં આવતી અગિયારસનું ધાર્મિક રીતે વિશેષ મહત્વ રહેલું છે.

---

## આઈ.પી.એલ:

આઈ.પી.એલની પ્રથમ ક્વોલી ફાયર મેચમાં ગત વર્ષની વિજેતા રોયલ ચેલેન્જર્સની ટીમે ગુજરાત ટાઇટન્સની ટીમ ને 92 રને હરાવી અંતિમ જંગમાં પ્રવેશ મેળવી લીધો છે. હિમાચલ પ્રદેશના ધર્મ શાળા ખાતેની મેચમાં બેંગલુરુની ટીમના 5 વિકેટે 254 રનના જવાબમાં ગુજરાતની ટીમ 162 રન કરી શકી હતી. રાહુલ તેવટિયાએ સૌથી વધુ 68 રન જ્યારે જોસ બટલરે 29 રન કર્યા હતા. એ અગાઉ ગુજરાતની ટીમે ટોસ જીતી બેંગલુરુની ટીમને દાવમાં મોકલી હતી બેંગલુરુની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટના ભોગે 254 રન કર્યા હતા. સુકાની રજત પાટીદાર 93 રને નોટ આઉટ રહ્યા હતા. જ્યારે વિરાટ કોહલી અને કુણાલ પંડયા દરેકે 43 રન કર્યા હતા.

આજેએલી મિનિટર મેચમાં રાજસ્થાન રોયલ્સ અને સન રાઈઝર્સ હૈદરાબાદની ટીમો વચ્ચે મુકાબલો થશે. આ મેચ ન્યૂ ચંદીગઢ ખાતે સાજે સાડા સાત વાગ્યે શરું થશે.

---

## મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો પોતાના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

---

## મન કી બાત:

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે. દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમીનું યલો અલર્ટ અપાયું છે.

---